GSFC પાસે બ્રિજ પર ભારે ટ્રાફિક જામ

અણઘડ વહીવટને પગલે વાહનચાલકો અટવાયા

વડોદરા : શહેરના છાણી વિસ્તારમાં આવેલા જીએસએફસી નજીક બ્રિજ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. બ્રિજની એક તરફ વાહનોની લાંબી કતારો લાગી હોવાથી હજારો વાહનચાલકો કલાકો સુધી અટવાયા હતા. પોલીસે ઘટના સ્થળ પર પહોંચી વાહન વ્યવહારને હળવો કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.વડોદરા શહેરથી દશરથ તરફ જવાના માર્ગે છાણી પાસે આવેલા જીએસએફસી બ્રિજ ઉપર આજે ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. લોકો કલાકો સુધી અટવાયા હતા. ખાસ કરીને નોકરીયાત વર્ગ અને અગત્યના કામ માટે પસાર થઈ રહેલા વાહન ચાલકોને ઘણી મુશ્કેલી પડી હતી નજીકમાં જ રહેતા નીતિનભાઈ પિલ્લાઈએ જણાવ્યું હતું કે, છેલ્લા 15 દિવસથી આ સમસ્યા ઉદભવી છે. તંત્રની ગોકળગતીએ કામગીરી ચાલી રહી છે. રોડ બનાવવાની કામગીરીને કારણે છેલ્લા ઘણા દિવસોથી દરરોજ ટ્રાફિક જામની સમસ્યા રહે છે. થોડા દિવસ પહેલા એક તરફ અને થોડા દિવસ બાદ બીજી તરફ એમ કરીને થોડા થોડા અંતરે આ રોડ બનાવવાની કામગીરીને કારણે નોકરી વ્યાપાર માટે જઈ રહેલા લોકોને એક કલાક વહેલા ઘરેથી નીકળવાની ફરજ પડી રહી છે. અત્રે નોંધનીય છે કે થોડા સમય પહેલા હાઈવેના માર્ગો પર પડેલા ખાડાઓને કારણે દરરોજ નેશનલ હાઈવે ઉપર 10 થી વધુ કિલોમીટર સુધીનો લાંબો ટ્રાફિકજામ સર્જાઈ રહ્યો હતો. લાંબા સમય સુધી ચાલેલી આ સમસ્યાને કારણે અંતે હવે તંત્રએ હાઈવેના માર્ગોના નવીનીકરણની કામગીરી હાથ ધરી છે. ત્યારે આ કામગીરી ક્યાંકને ક્યાંક ગોકળગધીએ ચાલતી હોવાના કારણે ફરી એક વખત ટ્રાફિકની સમસ્યા ઉદભવી છે. જેના કારણે નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

એમ્બ્યુલન્સના પૈડાં પણ થંભી ગયા

સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ગોત્રી વિસ્તારમાં ટ્રાફિકની વિકટ સમસ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

વડોદરા સંસ્કારી નગરીના પશ્ચિમ વિસ્તારમાં હાલ જનતા વિકાસના નામે હાલાકી ભોગવી રહી છે. ગોત્રી હોસ્પિટલ રોડ પર તંત્રની આયોજન વગરની કામગીરી અને ટ્રાફિક વ્યવસ્થાના અભાવે સામાન્ય નાગરિકોની હાલત કફોડી બની ગઈ છે. ખાસ કરીને દર્દીઓને લઈને જતી એમ્બ્યુલન્સને પણ મુશ્કેલી વેઠવાની નોબત આવી છે. વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં ગોત્રી ખાતે એક તરફ ખોદકામ અને અધૂરી કામગીરી ચાલી રહી છે, તો બીજી તરફ વૈકલ્પિક રસ્તાઓના અભાવે વાહનોના પૈડાં કલાકો સુધી થંભી રહ્યા છે. હોસ્પિટલ બહાર જ અરાજકતાનું સામ્રાજ્ય સર્જાયું છે. ગોત્રી વિસ્તારની સૌથી મોટી સરકારી હોસ્પિટલ જીએમઈઆરએસ આવેલી છે.

જ્યાં હજારો દર્દીઓ સારવાર માટે આવે છે, તેની બરાબર બહાર જ તંત્રે કફોડી સ્થિતિ સર્જી છે. રસ્તાઓ પર કોઈ પણ જાતનું સાઈન-બોર્ડ કે ડાયવર્ઝન પ્લાન વગર કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેથી વાહનચાલકો મજબૂરીમાં જ્યાં જગ્યા મળે ત્યાંથી વાહન કાઢવા મથામણ કરી રહ્યા છે, જેના કારણે અવારનવાર નાના અકસ્માતો અને બોલાચાલીના દ્રશ્યો સર્જાય છે. સૌથી ગંભીર અને હૃદયદ્રાવક સ્થિતિ એમ્બ્યુલન્સની છે.

આ વિસ્તારમાં દર કલાકે અનેક 108 એમ્બ્યુલન્સ ગંભીર દર્દીઓને લઈને પણ પસાર થાય છે. ત્યારે, 108 એમ્બ્યુલન્સની સાથે સાથે અનેક વાહનચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે તેમજ તેમના ગંતવ્ય સ્થાને પણ મોડા પહોંચી રહ્યા છે.

લૂંટ કરેલી સોનાની ચેઇન અને કાર સહિત રૂ.8.21 લાખનો મુદ્દામાલ જપ્ત

ધાર્મિક વાતો ભોળવી લોકોના દાગીનાની લૂંટ ચલાવતી મદારી ગેંગનો પર્દાફાશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેરમાં ધાર્મિક વાતોમાં ભોળવી નાગરિકોને લૂંટતી મદારી ગેંગ પૈકીના એક આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. અટલાદરા વિસ્તારમાં થયેલી સોનાની ચેઈન અને વીંટી લૂંટની ઘટનામાં સંડોવાયેલા હોય તેના અન્ય સાગરીતની શોધખોળ શરૂ કરાઈ છે. આરોપી પાસેથી સોનાની ચેન અને કાર મળી 8. 21 લાખ નો મુદ્દામાલ કબજે કરી અટલાદરા પોલીસ ને સોપાયો છે. પાદરા-અટલાદરા હાઈવે પર સમન્વય સ્ટેટસ હોટલ સનરાઈઝ નજીક ચાલતા જતા એક વ્યક્તિને અજાણ્યા આરોપીઓએ ધાર્મિક વાતોમાં ભોળવી લૂંટ ચલાવી હતી. નંબર પ્લેટ વગરની સફેદ કારમાં આવેલા આરોપીઓએ મંદિર અંગે પૂછપરછના બહાને તેમને રોક્યો અને ફોન પર વાત કરાવતા

દરમિયાન બાજુમાં બેઠેલા બાવા જેવા ઈસમે તેમની નજર ચુકવી ગળામાંથી અંદાજે સોનાની ચેઈન તથા હાથની વીંટી ખેંચી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો, પરંતુ આરોપીઓ અજાણ્યા હોવાથી ગુનો અનડીટેક્ટ રહ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ અને હ્યુમન સોર્સ આધારે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમ્યાન શંકાસ્પદ તરીકે સેવરોલેટ બીટ કાર ઓળખાઈ હતી. પેટ્રોલિંગ દરમિયાન કપુરાઈથી વાઘોડિયા જતા હાઈવે પર ગીરીરાજ કાઠિયાવાડી હોટેલ પાસે આ કાર સાથે એક શંકાસ્પદ વ્યક્તિ મળી આવ્યો. પોલીસે કોર્ડન કરીને તેને ઝડપી પાડ્યો હતો. આરોપી શીવાનાથ ઠાકોરનાથ મદારી (રહે. ગણેશપુરા, દહેગામ, હાલ નારોલ, અમદાવાદ)ની તપાસ દરમિયાન તેના પાસેથી સોનાની ચેઈન મળી આવી હતી. પૂછપરછમાં ખુલ્યું કે આ ચેઈન તેના સાગરીત વનરાજ કંચનનાથ મદારીએ અટલાદરા વિસ્તારમાં લૂંટ ચલાવી મેળવી હતી અને વેચવા માટે તેને આપી હતી. પોલીસે આરોપી પાસેથી સોનાની ચેઈન તથા ગુનામાં ઉપયોગ થયેલી કાર સહિત રૂ.8.21 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. હાલ પકડાયેલ આરોપીને અટલાદરા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જ્યારે ફરાર આરોપીની શોધખોળ પણ શરૂ કરાઈ છે.

60.2 લાખ વાહનો PUC વગર જ દોડી રહ્યા છે

હાઈ સિક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ ફરજિયાત બનાવ્યા બાદ પણ હજી તેનો પૂરો અમલ થયો નથી

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

રજીસ્ટર્ડ વાહનો માટે સરકારે હાઈ સિક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ ફરજિયાત બનાવ્યા બાદ પણ હજી તેનો પૂરો અમલ થયો નથી. જુના વાહનોમાં આ પ્રકારે નંબર પ્લેટને એચએસઆરપીમાં તબદીલ કરવા જે સમય મર્યાદા આપવામાં આવતી હતી અને વધારાની હતી તે પછી પણ તમામ વાહનોમાં આ નંબર પ્લેટ ફીટ થઈ ગઈ છે, તે નિશ્ચિત થયું નથી.

હવે સરકાર પણ ભૂલી ગઈ છે કે જૂની નંબર પ્લેટ ફેન્સી નંબર પ્લેટ અને નંબર પ્લેટ વગરના પણ લાખો વાહનો રોડ ઉપર કરી રહ્યા છે, છતાં તેની ચિંતા નથી અને લેટેસ્ટ રિપોર્ટ મુજબ હજી પણ 22 લાખ જેટલા વાહનો જૂની નંબર પ્લેટ સાથે દોડી રહ્યા છે. કેગના રિપોર્ટમાં જણાવાયું છે કે 60.2 લાખ વાહનો પોલ્યુશન અંડર કન્ટ્રોલ સર્ટિફિકેટ પીયુસીસી વગર જ દોડી રહ્યા છે. જે માટે પણ માર્ચમાં 2024 ની ડેડ લાઈન હતી. કેગ એ રાજ્ય સરકારના પોર્ટલ વાહન પરથી આ ડેટા લીધા છે. રાજ્યમાં બે કરોડથી વધુ વાહનો રજીસ્ટર થયા છે. હવે વાહનની ડિલિવરી સાથે જ એચએસઆરપી નંબર પ્લેટ ડીલરને ત્યાંથી જ મળી જાય છે, તેની વ્યવસ્થા પણ સરકાર દ્વારા કરવામાં આવી છે, છતાં પણ લાંબા સમય સુધી વાહનો ટેમ્પરરી નંબર સાથે દોડે છે. એવા પણ કિસ્સા છે કે વાહન માલિકે નવી નંબર પ્લેટ ચડાવી દીધી હોય પણ પોર્ટલમાં તેની નોંધણી થઈ ના હોય આવું જ જેને પીયુસી સર્ટિફિકેટ તરીકે ઓળખવામાં આવે છે, તેઓ પણ વર્ષ 2023 માં 39.1 લાખ વાહનોમાં તે મેળવવાનું ન હતું અને લખવાનો માટેની મુદત પૂરી થયા બાદ પણ રીન્યુ થયું નથી.

ભાજપના સંગઠન પર્વમાં વડોદરાનો 'વનવાસ'

સાંસદ હેમાંગ જોશી પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ છતાં કારોબારીમાં વડોદરાની બાદબાકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.4

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન દ્વારા હાથ ધરવામાં આવેલી નવી નિમણૂકોમાં વડોદરા શહેર અને જિલ્લાની જે પ્રકારે સતત અવગણના કરવામાં આવી રહી છે, તેનાથી સ્થાનિક રાજકારણમાં મોટો વંટોળ ઊભો થયો છે. તાજેતરમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને મોવડી મંડળ દ્વારા પ્રદેશ યુવા મોરચાના કારોબારી સદસ્યોના નામોની જાહેરાત કરવામાં આવી, પરંતુ આ યાદીમાં વડોદરાના એક પણ સક્રિય યુવા કાર્યકરને સ્થાન ન મળતા ભાજપના 'ગઢ' ગણાતા સંસ્કારી નગરીના રાજકીય વર્તુળોમાં સોપો પડી ગયો છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે વડોદરાના સાંસદ હેમાંગ જોશી પોતે પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી સંભાળી રહ્યા છે. યુવા મોરચાના રાષ્ટ્રીય અને પ્રદેશ સ્તરે જેમનું કદ મજબૂત મનાય છે, તેવા હેમાંગ જોશીના હોમ ટાઉન વડોદરાની જ પ્રદેશ યુવા કારોબારીમાં બાદબાકી થતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. કાર્યકરોમાં ગણગણાટ છે કે, જો શહેરના સાંસદ પોતે યુવા મોરચાનું સુકાન સંભાળતા હોય, તો શું વડોદરા પાસે એવા લાયક યુવા ચહેરાઓ નથી કે જેમને પ્રદેશ કારોબારીમાં સ્થાન મળી શકે ? કે પછી સાંસદ પોતાની ટીમમાં વડોદરાના કાર્યકરોને સ્થાન અપાવવામાં નિષ્ફળ રહ્યા છે ? સંગઠનના માળખામાં વડોદરાની બાદબાકીનો આ કોઈ પ્રથમ કિસ્સો નથી, પરંતુ આ એક લાંબી પરંપરા બની રહી હોય તેમ જણાય છે. અગાઉની નિમણૂકોમાં પણ વડોદરાના કોઈ પણ નેતાને પ્રદેશ ઉપપ્રમુખ જેવું મહત્વનું પદ ન મળ્યું. સંગઠન ચલાવવામાં જેની મુખ્ય ભૂમિકા હોય છે તેવા મહામંત્રી કે મંત્રી પદ પર પણ વડોદરાના કોઈ ચહેરાને સ્થાન અપાયું નથી. હવે જ્યારે પક્ષના ભવિષ્ય સમાન યુવા મોરચાની કારોબારી જાહેર થઈ, ત્યારે ફરી એકવાર વડોદરાને બાકાત રાખીને તેની રાજકીય શક્તિને નજરઅંદાજ કરવામાં આવી છે. વડોદરા હંમેશા ભાજપ માટે 'સેફ સીટ' અને 'લીડ મશીન' સાબિત થયું છે. લોકસભા હોય કે વિધાનસભા, વડોદરાના મતદારોએ ભાજપને ખોબલે ને ખોબલે મત આપીને ઐતિહાસિક સરસાઈ અપાવી છે. તેમ છતાં, જ્યારે સંગઠનમાં સત્તા અને જવાબદારી વહેંચવાની વાત આવે છે, ત્યારે અન્ય જિલ્લાઓને પ્રાધાન્ય આપી વડોદરાને કેમ હાંસિયામાં ધકેલી દેવાય છે? તેવો વેધક સવાલ પાયાના કાર્યકરો પૂછી રહ્યા છે. શું વડોદરાના કદાવર નેતાઓ પ્રદેશમાં પોતાની રજૂઆત કરવામાં નબળા સાબિત થઈ રહ્યા છે? પ્રદેશ મોવડી મંડળના આ નિર્ણયથી સ્થાનિક સ્તરે જૂથવાદ અને નારાજગી વધવાની ભીતિ છે.

આર્થિક સંકળામણ ના કારણે આત્મહત્યા કરી

પારૂલ યુનિ.ના વિદ્યાર્થીએ છઠ્ઠા માળેથી પડતુ મૂકી જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વાઘોડિયા ચોકડી પાસે રહેતા અને ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ પોતાની બિલ્ડીંગના છઠ્ઠા માળેથી નીચે છલાંગ લગાવીને જીવન ટૂંકવી નાખ્યું હતું. આર્થિક સંકરામણ ના કારણે આ પગલુ ભર્યું હોવાનું પ્રાથમિક તબક્કે જણાઈ રહ્યું છે. પોલીસે લાશને પીએમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના વાઘોડિયા ચોકડી વિસ્તારમાં એપાર્ટમેન્ટમાં રહેતા અને એક ખાનગી યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા 21 વર્ષીય યુવકે બિલ્ડીંગ છઠ્ઠા માળેથી ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. વડોદરા શહેરના વાઘોડિયા ચોકડી માધવનગર વિસ્તારમાં આવેલા સાહિત્ય ગ્રીન એપાર્ટમેન્ટના એ-603 ફ્લેટમાં રહેતા સાઈરાજ અરુણભાઈ હરાલ વાઘોડિયા સ્થિત પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. શનિવારે વહેલી સવારે લગભગ 4 થી 4:30 વાગ્યાની વચ્ચે તેઓએ પોતાના છઠ્ઠા માળે આવેલા ફ્લેટની ગેલેરીમાંથી નીચે ઝંપલાવ્યું હતું. ઘટના બાદ સોસાયટીના રહીશો એકત્ર થયા હતા અને તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. યુવકને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ, યુવક મૂળ મહારાષ્ટ્રનો રહેવાસી હતો અને આર્થિક સંકળામણને કારણે આ પગલું ભર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર મામલે બાપોદ પોલીસ મથકે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ યુવકે આપઘાત કર્યો હોય તેના પરિવારજનોને પણ જાણ કરવામાં આવી છે.

સરકાર અને યુજીસીની પરવાનગી વિના સંસ્થા પોતાની સંપત્તિ અથવા ફંડ ટ્રાન્સફર ન કરી શકે

NCERT ડીમ્ડ યુનિવર્સિટી ગણાશે અને ડિગ્રી પણ આપશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન યુજીસીની સલાહ પર કેન્દ્ર સરકારે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. આનાથી હવે NCERTને યુનિવર્સિટીની જેમ કામ કરવાની સ્વતંત્રતા મળશે, પરંતુ તેની સાથે ઘણી જરૂરી શરતો પણ લાગુ કરવામાં આવી છે. નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગે 2025માં તમામ શરતો પૂરી કરવાનો રિપોર્ટ સરકારને આપ્યો હતો. યુજીસી આયોગે જાન્યુઆરી 2026માં પોતાની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપી હતી. ત્યારબાદ કેન્દ્ર સરકારે તેને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. NCERTએ યુજીસી એક્ટ, 1956ની કલમ 3 હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી બનવા માટે અરજી કરી હતી. આ અરજી યુજીસી પોર્ટલ પર ઓનલાઈન અપલોડ કરવામાં

અભ્યાસ-કોર્સ સબંધિત નિયમ,રિસર્ચ અને ગુણવત્તા પર ભાર

NCERTએ વિદ્યાર્થીઓના એડમિશન, સીટ સંખ્યા અને ફી સંબંધિત તમામ નિયમોનું પણ પાલન કરવું આવશ્યક રહેશે, NCERTએ રિસર્ચ, પીએચડી અને નવા શૈક્ષણિક કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું પડશે. આ સાથે જ તેણે નેક અને એનબીએ જેવી સંસ્થાઓ પાસેથી માન્યતા લેવી પડશે. આ ઉપરાંત સંસ્થાએ દર વર્ષે એનઆઈઆરએફ રેન્કિંગમાં પણ ભાગ લેવું ફરજિયાત છે. જેથી ગુણવત્તા અને પ્રદર્શનનું મૂલ્યાંકન કરી શકાય.

આવી હતી. યુજીસીએ અરજીની સમીક્ષા કરી અને 2023માં કેટલીક શરતો સાથે લેટર ઓફ ઈન્ટેન્ટ જારી કર્યો હતો. તેમાં NCERTને ત્રણ વર્ષની અંદર તમામ શરતોને પૂરી કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ પ્રસ્તાવમાં આ NCERTની 6 પ્રમુખ સંસ્થાઓને સામેલ કરવામાં આવી છે. જેમાં અજમેર રાજસ્થાન, ભોપાલ મધ્યપ્રદેશ, ભુવનેશ્વર ઓડિશા, મૈસુર કર્ણાટક, શિલોંગ મેઘાલય અને ભોપાલની પંડિત સુંદરલાલ શર્મા ઈન્સ્ટિટ્યૂટ ઓફ વોકેશનલ એજ્યુકેશન સામેલ છે. આ સંસ્થાઓને ભેગી કરીને NCERTને એક સ્પેશિયલ કેટેગરી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. સરકારે NCERTને આ દરજ્જો કેટલીક કડક શરતો સાથે આપ્યો છે. સંસ્થા પોતાની સંપત્તિ અથવા ફંડ સરકાર અને યુજીસીની પરવાનગી વિના ટ્રાન્સફર ન કરી શકે. આ સાથે જ તે કોઈપણ પ્રકારની નફાકારક પ્રવૃત્તિમાં સામેલ નહીં થશે.

NHSRCL પ્રોજેક્ટ સંબંધિત કામગીરીને કારણે બે ટ્રેનો પ્રભાવિત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળ કાંકરિયા-વટવા રેલખંડ પર NHSRCL પ્રોજેક્ટ અંતર્ગત પ્રીકાસ્ટ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે જરૂરી કામગીરી હાથ ધરવામાં આવવાની છે. આ કામગીરી માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે ટ્રેનો 04 એપ્રિલ, 2026 થી 08 મે, 2026 સુધી પ્રભાવિત રહેશે. ટ્રેન નંબર 19036 મણિનગર - વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર 19035 વડોદરા - વટવા ઈન્ટરસિટી એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર 12902 અમદાવાદ - દાદર ગુજરાત મેલનો મણિનગર સ્ટેશન પરનો ઠેરાવ સ્ટોપેજ 4 એપ્રિલ, 2026 થી 8 મે, 2026 સુધી અસ્થાયી રૂપે રદ રહેશે. મુસાફરોને તેઓ પોતાની મુસાફરી પહેલાં ટ્રેનોની માહિતી માટે NTES એપ અથવા www.enquiry.indianrail.gov.in નો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે.

આપનો ઉપપ્રમુખ હોવાનું કહી યુવક પાસેથી રૂ.14 હજાર હજાર વસૂલ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરના વારસીયા પોલીસ સ્ટેશનમાં ખંડણી અને ધમકી આપવાના ગુનામાં એક ઇસમ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ફરીયાદી મનીષ પરસોત્તમદાસ બેલાણી (રહે. સંતકવર કોલોની, વારસીયા)એ રીયાઝ હીશામુદ્દીન શેખ (રહે. શ્યામવાલા કોમ્પ્લેક્ષ, પાણીગેટ) સામે ગુનો નોંધાવ્યો છે.

વારસીયા પોલીસ મથકે નોંધવવામાં આવેલી ફરીયાદ મુજબ, 9 નવેમ્બર 2025 થી 2 એપ્રિલ 2026 દરમ્યાન આરોપીએ પોતાને આમ આદમી પાર્ટી વડોદરા શહેરના ઉપપ્રમુખ તરીકે ઓળખ આપી ફરીયાદી તથા તેના મિત્ર સોનુ વારસિયા દારૂનો ધંધો કરે છે તેવી ખોટી વાતો રિયાઝ શેખ નામના ફેસબુક આઈડી પર પોસ્ટ કરવાની ધમકી આપી હતી. આ રીતે સોશિયલ મીડિયા મારફતે બદનામ કરવાની ભીતિ ઉભી કરી આરોપીએ દર મહિને ૨,૦૦૦ આપવાની

માંગણી કરી હતી. આ દબાણને કારણે યુવકે આરોપીને રૂ.૪,૦૦૦ ગુગલ પે દ્વારા તથા રૂ.૧૦,૦૦૦ રોકડા આપ્યા હતા. ત્યારબાદ પણ આરોપી અટક્યો નહોતો અને ફોન પર ગાળો આપી દર મહિને રૂ.૫,૦૦૦ આપવાની માંગણી કરી હતી. સાથે જ જો પૈસા નહીં આપે તો ફરી ફેસબુક પર પોસ્ટ મૂકશે અને પોલીસમાં ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે વારસીયા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

કરચીયા-રણોલી રોડ પર ઘટનાને અંજામ આપ્યો હતો

ચાકુ બતાવી મોબાઈલ લૂંટનાર બે આરોપીઓના જામીન રદ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા જિલ્લામાં કરચીયા-રણોલી રોડ પર મોબાઈલ લૂંટનો બનાવ સામે આવ્યો છે. જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા રણોલી ખાતે રહેતો યુવક 22 માર્ચ ના રોજ બપોરના સમયે તેના મિત્ર સાથે રોડ પર મોબાઈલમાં ફોટા પડાવી રહ્યો હતો. ત્યારે એક એક્ટિવા પર આવેલા બે આરોપીઓએ તેમને નિશાન બનાવ્યા હતા. ત્યારબાદ આ બંને લૂંટારૂઓએ અચાનક હાથમાંથી મોબાઈલ ઝૂંટવી લીધો હતો. આ દરમ્યાન આરોપી બોબીસિંગ સરદારએ ચપ્પુ બતાવી યુવકને ધમકાવ્યો હતો. જેના કારણે યુવક ગભરાઈ ગયો હતો અને આરોપીનો હાથ છોડવો પડ્યો હતો. આ રીતે બંને આરોપીઓએ મળી યુવકનો મોબાઈલ રૂપિયા 9 હજાર

ગણાય છે, લૂંટી લીધો હતો અને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈને પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને ઝડપી પાડ્યા બાદ કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટ દ્વારા સેન્ટ્રલ જેલના હવાલે કરવામાં આવ્યા હતા ત્યારે આરોપીઓએ જામીનમુક્ત થવા માટે રેગ્યુલર જામીન અરજી વકીલ દ્વારા રજુ કરાવી હતી પોલીસે આરોપીઓના જામીન નામંજુર કરવા રજૂઆત કરી હતી, જેને ધ્યાને લઇ મેજિસ્ટ્રેટે બંને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી દેવામાં આવી છે.

કોર્ટમાં ગેરહાજર રહેલા SRP જવાનને બે માસની સાદી કેદ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

શહેરની દિવાળીપુરા કોર્ટ દ્વારા ફરજમાં ગેરહાજર રહેલા એક એસઆરપી જવાન સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. વર્ષ 2019ના જૂનમાં આરોપી પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ પર હાજર થવાના હતા, પરંતુ તેઓ લાંબા સમય સુધી ફરજ પર હાજર રહ્યા નહોતાં અને ઘરે જ રહેતા હતા. પોલીસ વિભાગ દ્વારા વારંવાર સમજાવટ અને ત્રણ વખત નોટિસ આપવામાં આવી છતાં પણ તેઓ ફરજ પર હાજર ન થતાં કોર્ટ દ્વારા તેની આ મામલે ગંભીર નોંધ લેવામાં આવી હતી. કોર્ટમાં ચાલેલી કાર્યવાહી દરમિયાન આરોપી દ્વારા ગેરહાજરી માટે કોઈ વ્યાજબી કારણ રજૂ કરવામાં આવ્યું નહોતું. પરિણામે કોર્ટએ ફરજ પ્રત્યેની બેદરકારીને ગંભીર ગુનો ગણાવીને બે મહિનાની સાદી કેદની સજા ફટકારી છે. આ ચુકાદાના કારણે સરકારી કર્મચારીઓ માં ફફડાટ ફેલાયો છે.

અદાવતમાં ચાકુથી હુમલો કરનાર મુખ્ય આરોપીના જામીન નામંજૂર

નિઝામપુરા એસ.ટી.ડેપો પર ચા પીવા ગયેલા યુવક પર હુમલો કરાયો હતો, પિસ્તોલની ધમકી આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 4

શહેરના નિઝામપુરા એસ.ટી. ડેપો વિસ્તારમાં જીવલેણ હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. યુવકનપોતાના મિત્ર યશવંત શર્મા ઉર્ફે કાળુ નેપાળી સાથે ચા પીવા માટે ડેપો પર ગયો હતો. ત્યારે અગાઉના ઝઘડાની અદાવત રાખી ત્રણ આરોપીઓએ મળીને હુમલો કર્યો હતો.

આરોપી તન્મય ઉર્ફે સન્ની જાદવે યુવકને ગંદી ગાળો આપી સાથેના આરોપીઓને ઉશ્કેરતા કહ્યું હતું કે તે એક વર્ષથી પિસ્તોલ સાથે ફરી રહ્યો છે અને આજે તેને ખતમ કરી દેશે. ત્યારબાદ અન્ય બે આરોપીઓએ ફરીયાદીના હાથ પકડી રાખ્યા હતા અને તન્મયે એસ.ટી. બસના બોર્ડ વડે માર માર્યો હતો. આ પછી ફરીયાદીને કેન્ટીનમાંથી ખેંચીને બહાર લઈ જઈ ટિકિટ બારી પાસે લઈ જઈ આરોપીએ પોતાના હાથમાં રહેલા ચપ્પુ વડે છાતીના ડાબા ભાગે જીવલેણ હુમલો કર્યો હતો. જેના કારણે ફરીયાદીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સાથેના આરોપીઓએ પણ મારામારી કરી ઈજાઓ પહોંચાડી હતી.

આ ઘટનામાં ત્રણેય આરોપીઓએ મળીને પોલીસ કમિશ્નરના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કર્યો હતો. આ કેસમાં મુખ્ય આરોપી તન્મય ઉર્ફે સન્ની જાદવ (ઉ.વ. 28, નિવાસી સમા વિસ્તાર) સામે કડક કાર્યવાહી કરાઈ છે. આરોપીએ જેલમાંથી બહાર આવવા માટે વકીલ મારફતે રેગ્યુલર જામી અરજી રજૂ કરી હતી. જોકે, પોલીસ દ્વારા રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા સોગંદનામુ કરાયું હતું અને રજૂઆત પણ કરી હતી. જેના આધારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને જામીન નામંજૂર કરવામાં આવ્યા છે.

જીઆઇડીસી, પાણીગેટ અને દાંડિયા બજાર ફાયર સ્ટેશનની ટીમે પરિસ્થિતિ સંભાળી

જાંબુવા બ્રિજ ઉપર કેમિકલ ભરેલા ટેન્કરમાં લીકેજથી ભીષણ આગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નંબર 48 ઉપર જાંબુઆ બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી વેસ્ટ કેમિકલ ભરેલી ટેન્કરમાંથી લીકેજને કારણે ભીષણ આગ લાગી હતી. આગ અડધો કિલોમીટર સુધી રોડ ઉપર પ્રસરી હતી. ટેન્કરમાં રહેલ કેમિકલ લીકેજ થતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જો કે ત્રણ ફાયર સ્ટેશનની ટીમે સ્થળ પર પહોંચી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસને મોડીરાત્રે એક ટેન્કરમાં આગ લાગી હોવાનો કોલ મળતા જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર આવી પહોંચી હતી અને કાર્યવાહી હાથધરી

હતી. સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, ટેન્કર પર એઝાર્ડએસ વેસ્ટ કેમિકલ લખેલું હતું. જેની અંદર ફાયર થઈ હતી. આ આગ લગભગ અડધો કિલોમીટરથી સ્પ્રેડ થઈને આગળ આવી છે. કોઈ જગ્યાએ લીકેજ હશે અને આ લીકેજના કારણે ચાલુ લીકેજમાં આગ સાથે થોડી પુલ ઉપર આવી ગઈ હતી. વડોદરા ફાયર સર્વિસને જાણ થતા જીઆઈડીસી ફાયર સ્ટેશન પાણીગેટ અને દાંડિયા બજારની ટીમને તાત્કાલિક ઘટના સ્થળ પર બોલાવી એની જે ફ્રેમ હતી એ સંપૂર્ણપણે કટ કરી દીધી હતી અને કુલિંગની કામગીરી કરી પરિસ્થિતિ સંભાળી લીધી હતી. આ આગ એક પ્રકારનો ચોક્કસ નિર્ણય નથી, એ ધીમે ધીમે સળગે. અમુક કેમિકલ અમુક રિએક્ટર્સ જેવા હેઝાર્ડએસ કેમિકલ્સ હોય જે એક્સપ્લોઝિવ પણ હોય હેવી ફ્લેમ પણ હોય એટલે ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક આવીને આગ ઉપર કાબુ મેળવવાની કામગીરી ચાલુ કરી દીધી હતી. ફ્રેમ જે કટ ઓફ કરવાની પરિસ્થિતિ હતી. હું પોતે ફાયર ફાઈટિંગ કરી રહ્યો હતો. ત્યારે ખબર પડી કે ઉપરથી ફ્લેમનું લીકેજ છે. એટલે ત્યાંથી કટ ઓફ કરી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થળ પર કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી, તેના ડ્રાઈવર અને કોર ડ્રાઈવર અને આજુબાજુના જે પણ વ્યક્તિઓ છે તેમને સરળતાથી હટાવી દીધા હતા.